ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૪૫/૧૮-૧૯/ ૩૪૨
તારીખ :

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ભાવિનભાઈ જી. આહીર,**
મુનીનગર સોસાયટી,
બ્લોક નં.૧૧૪, મહુવા,
જી.ભાવનગર.
**મો.નં. ૯૪૨૭૭ ૪૮૭૦૭**

કેસ નં.૧૪૫/૧૮-૧૯

**વિષય : ખેતીવાડી વીજ કનેકશનના પોલ ફેરવવા બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૬/૧૧/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૫/૧૮-૧૯/૫૪૧૨ તા.૦૧/૧૨/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૫/૧૮-૧૯/૫૪૮૭ તા.૦૬/૧૨/૧૮.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૫/૧૮-૧૯/૫૭૭૩ તા.૨૪/૧૨/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૭/૦૧/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય-૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપી લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૪૫/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી ભાવિનભાઈ જી. આહીર

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:– ૦૭.૦૧.૨૦૧૯ ◈

હાજર રહયા :– શ્રી ભાવિનભાઈ જી. આહીર – વાદી પોતે

પ્રતિવાદી :– શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ભાવિનભાઈ જી. આહીર, મુ.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડી વીજ કનેકશનના પોલ ફેરવવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૪૫/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૪૫/૧૮–૧૯/૫૪૧૨ તા.૦૧.૧૨.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૭.૦૧.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત**:– **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર મહુવા તાલુકાના વાઘનગર ગામે અમારી ખેતીવાડી ખાતા નં.૩૮૦ સર્વે નં.૧૨૫ પૈકી ૧ થી ધરાવીએ છીએ. સદર જમીન ૨૦ વીઘા કરતા વધારે છે, અમો ગ્રાહક નં.૩૭૬૫૭/૦૬૪૦૯/૯ થી ખેતીવાડીનું ૭.૫ હો.પા.નું વીજ કનકેશન ધરાવીએ છીએ.

૧.૨ અમારૂ હાલનું રહેણાંક મહુવામાં મુનીનગર સોસાયટીમાં બ્લોક નં.૧૧૪ માં આવેલ છે.

૧.૩ ભાઈઓના ભાગ પડવાથી અમારી જમીનના પણ ભાગ પડેલ છે, મારી બાજુમાં ૧૨૫ પૈકી ૨ તે મારા મોટાબાપુ મારા પિતાજીના મોટાભાઈની જમીન આવેલ છે. મારા ભાગે જમીન આવેલ છે તેમાં મારૂ ઉપરોકત ગ્રાહક નંબર વાળૂ વીજ કનેકશન ચાલુ છે.

..૨..

P.G.V.C.L. Bhavnagar

૧.૪ અમારા શેઢા પાડોશી જીણાભાઈ રામજીભાઈનું વીજ કનેકશન પાસ થવાથી તેનું સર્વે કરવા આવેલ ત્યારે જીણાભાઈ રામજીભાઈનો ફોન મારા પર આવેલ હતો કે મારા કનેકશનનું સર્વે કરવા આવેલ છે અને તમારા ટી.સી. પરથી સર્વે કરવાનું છે તો મે જણાવેલ કે કોઈને નડતરરૂપ ન બને તે રીતે પોલ લગાડજો.

૧.૫ ત્યારબાદ તા.૨૧.૦૯.૨૦૧૮ ના રોજ મહોરમની જાહેર રજાના દિવસે એક દિવસમાં ટી.સી. સાથે પાંચ પોલ અમારી ગેરહાજરીમાં લગાડી દીધેલ ત્યારે જીણાભાઈ રામજીભાઈ સિવાયના અન્ય વ્યકિત દવારા મને ફોન કરેલ કે તમારા રસ્તા પર બે પોલ વાહન ચાલી શકે નહી તે રીતે નાખેલ છે.

૧.૬ તેથી તા.૨૩.૦૯.૨૦૧૮ ના રોજ મારે રજા હોવાથી હું રૂબરૂ વાડીએ ગયેલ અને તપાસ કરેલ તો જોવા મળેલ કે પોલ રસ્તામાં નડતર રૂપ થાય તેમ લગાડેલ હતાં.

૧.૭ સદર બાબતની રજુઆત કરવા હું તા.૨૪.૦૯.૨૦૧૮ ના રોજ અમારી વીજકચેરી મહુવા ગ્રામ્ય–૨ માં જઈ નાયબ ઈજનેર પટેલ સાહેબને રૂબરૂ આ બાબતે મળેલ તેમના દવારા મને વાંધા અરજી કરવા જણાવેલ તેથી મારા દવારા તા.૨૪.૦૯.૨૦૧૮ ના રોજ વાંધા અરજી રજુ કરેલ.

૧.૮ ત્યારબાદ ૬ થી ૭ દિવસમાં કચેરીના કર્મચારી રૂબરૂ સ્થળ પર તપાસ કરવા આવેલ ત્યારે હું પણ સ્થળ પર હાજર હતો, ત્યારે કર્મચારી દવારા જણાવેલ કે એક પોલ બે ફુટ રસ્તામાં આવે છે જયારે બીજો પોલ ૪ ફુટ રસ્તામાં આવે છે, તેમ જણાવેલ.

૧.૯ સદર બાબતની વિગત જણાવવા હું પટેલ સાહેબને મળેલ અને જણાવેલ તો તેમના દવારા કહેવામાં આવેલ કે હાલમાં કોન્ટ્રાકટરની ગેંગ નથી આવશે એટલે હું પોલ ફેરવી આપીશ. આવી રીતે હું ૫–૬ વખત પટેલ સાહેબ પાસે ગયેલ અને છેલ્લે પટેલ સાહેબ પાસે ગયેલ તો તેઓ હાજર હતા નહી અને કોઈક દવારા એવું જણાવેલ કે એ. કે. મહેતા સાહેબ ખેતીવાડી સંભાળે છે તેથી હું એ. કે. મહેતા સાહેબને મળેલ તો તેમણે જણાવેલ કે તમે વાંધા અરજી પટેલ સાહેબને આપેલ છે તો મને મળવું નહી અને પટેલ સાહેબને જ મળવું.

૧.૧૦ ફરી વખત મે તા.૨૫.૧૦.૨૦૧૮ ના રોજ આપેલ આમ પટેલ સાહેબને બે વાંધા અરજી આપેલ છતાં પોલની જગ્યા બદલાવેલ નહી.

૧.૧૧ સદર વાંધા અરજીઓ હોવા છતાં મહેતા સાહેબ દવારા વાયરીંગ કરવા માટે કોન્ટ્રાટરના માણસોને મોકલેલ અને વાયરીંગ કરેલ ત્યારે હું પટેલ સાહેબને રૂબરૂ મળેલ અને જણાવેલ તો તેણે કહેલ કે હું પોલ ફેરવી આપીશ, હજુ જમ્પર આપવાના બાકી છે, તેવું આશ્વાસન આપી વળાવી દીધેલ.

૧.૧૨ મારા દવારા વીશેષ તપાસ કરતાં જાણવા મળેલ કે જેમનું કનેકશન પાસ થયેલ છે તેના સગા ભાઈ નાનુભાઈ રામજીભાઈ ને ખેતીવાડીનું વીજ કનેકશન હયાત છે તે એક જ સર્વે નંબરમાંથી જમીનના ત્રણ ભાગ પડેલ છે અને જો નાનુભાઈ રામજીભાઈની વાડીમાં ટેપીગ લેવામાં આવે તો માત્ર ત્રણ થી ચાર પોલ આવે તેમ છે પરંતુ જે તે સમયે નાનુભાઈ દવારા મૌખિક વાંધો લીધેલ કે મારી વાઢીમાં પોલ ઉભા કરવા નહી, શેઢા પર પણ નહી. તેથી ત્યાંથી સર્વે કરેલ ન હતું.

P.G.V.C.L. Bhavnagar.

૧.૧૩ મહેતા સાહેબ અને પટેલ સાહેબ દવારા અમારો પોલ હજુ ફેરવેલ નથી તો આપ સાહેબને અમારી નમ્ર અરજ છે કે ફરીયાદનો અભ્યાસ કરી, અમારા બે પોલ ફેરવવા માટે કહેવું અથવા આખી લાઈન જીણાભાઈના ભાઈ નાનુભાઈ રામજીભાઈના ખેતીવાડી ટી.સી.માંથી ટેપીંગ લઈ કામ કરવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર અરજદાર મહુવા તાલુકાના વાઘનગર ગામે તેમની ખેતીવાડી ખાતા નં.૩૮૦ સર્વે નં.૧૨૫ પૈકી ૧ ધરાવે છે. સદર જમીન ૨૦ વીઘા કરતાં વધારે છે, તેમનું ગ્રાહક નં.૩૭૬૫૭૦૬૪૦૯૯ થી ખેતીવાડી ૭.૫ એચ.પી.નું વીજકનેકશન તેમના ભાગમાં ચાલે છે.

૨.૨ સદર અરજદારનું હાલનું રહેણાક મહુવામાં મુનીનગર સોસાયટીમાં બ્લોક નં.૧૧૪ માં આવેલ છે.

૨.૩ તેમના શેઢા પાડોશી જીણાભાઈ રામજીભાઈનું વીજ કનેકશન વારામાં પાસ થવાથી તેનું સર્વે કરવા કંપનીનો સ્ટાફ ગયેલ ત્યારે જીણાભાઈ રામજીભાઈ દવારા સદર અરજદારની લાઈન ઉભી કરવા માટે સંમતિ લેવામાં આવેલ હતી ત્યારે અરજદાર દવારા લાઈન કોઈને નડતરરૂપ ન થાય તે રીતે નાખવાની સંમતિ આપેલ હતી.

૨.૪ જે વીજલાઈન ઉભી કરવામાં આવેલ છે તે સ્પષ્ટ શેઢા પર જ ઉભી કરવામાં આવેલ છે, જેનાથી કંપનીની લાઈનની લંબાઈ વધે છે પરંતુ અરજદારની વાડીમાં વચ્ચે ન આવે તે રીતે લાઈન ઉભી કરેલ છે, જેનો નકશો અને ફોટોગ્રાફ આ સાથે સામેલ છે.

૨.૫ તેમની કુલ બે વીજપોલ શીફટ કરવાની રજુઆત છે. તેમાંથી એક પોલ તારની વાડને સાવ અડીને જ ઉભો કરેલ છે, જે ફોટામાં પોલ–A તરીકે દર્શાવેલ છે.

૨.૬ ફોટોગ્રાફમાં પોલ–B દર્શાવેલ છે તે સેકલ પોઈન્ટ છે એટલે તેમાં બે ઘાય નાખવી જરૂરી હોય જે તે લાઈનકામ કરતા સમયે એ ખેતરના ખુણાના ભાગમાં ઝુંપડીની પાછળના ભાગમાં બન્ને ઘાય આવી જાય તેવી રીતે બીલકુલ શેઢે ઉભો કરવામાં આવેલ છે.

૨.૭ તા.૧૨.૧૧.૨૦૧૮ ના રોજ નાયબ ઈજનેર, મહુવા ગ્રામ્ય–૨ દવારા સ્થળ તપાસ કરવામાં આવેલ ત્યારે સ્થળ પર ઝુંપડું હયાત હતું.

૨.૮ સદર અરજદાર દવારા મહુવા ગ્રામ્ય–૨ વીજકચેરીમાં પોલ શીફટ કરવા માટેની અરજી કર્યા પછી ઝુંપડી કાઢી નાખવામાં આવેલ છે.

૨.૯ સદર અરજદારની તા.૨૬.૧૧.૨૦૧૮ ના રોજની CGRF માં કરેલ અરજીના અનુસંધાને નાયબ ઈજનેર ગ્રામ્ય–૨ વીજકચેરી દવારા ફરી વખત તા.૧૦.૧૨.૨૦૧૮ ના રોજ સ્થળ તપાસ કરવા ગયેલ ત્યારે ઝુંપડું હયાત ન હતું, પરંતુ સ્થળ ઉપર લીધેલ ફોટોગ્રાફ ઉપરથી પ્રસ્થાપિત થાય છે કે ઝુંપડાવાળો વિસ્તાર અગાઉ તેમજ હાલમાં પણ પડતર જ છે ત્યાં કોઈ પાક વાવેલ નથી કે ઉભેલ નથી.

Consumer Grievance Redressal Forum, P.G.V.C.L. Bhavnagar.

૨.૧૦ વાદીના જણાવ્યા મુજબ તેમના દવારા લાઈન ઉભી કરવાની સંમતિ આપ્યા બાદ જ હાલમાં ઉભી કરેલ લાઈન પ્રમાણે જ સર્વે કરવામાં આવેલ હતું તથા લાઈનકામ કરતા સમયે સ્થળની સ્થિતી પ્રમાણે (ઝુંપડું હયાત હોઈ) વાદીને નડતરરૂપ ન થાય તે પ્રમાણે શેઢા ઉપર જ પોલ તથા લાઈન ઉભી કરવામાં આવેલ છે.

૨.૧૧ વાદી દવારા પોલ ઉભા કરેલ અને સ્ટ્રીન્ગીગ બાકી હોય તે સમય દરમ્યાન સવાલવાળો પોલ ફેરવવા બાબતની કોઈ રજુઆત ઓફીસમાં કરેલ નથી પરંતુ લાઈન સ્ટ્રીન્ગીગ પુર્ણ થયા બાદ જમ્પર આપતા સમયે તેમને રજુઆત કરેલ જે સમયે નાયબ ઈજનેર દવારા જણાવેલ કે લાઈન ઉભી થઈ ગયા બાદ તથા બાજુવાળાના ખેતરનો પાક વાડને અડીને હોય તથા તેમની ઝુંપડીની પાછળના ભાગમાં હોય, પોલ ફેરવવો વ્યાજબી નથી કારણકે તે નડતરરૂપ નથી.

૨.૧૨ આમ છતાં પણ વાદી માટે પોલ B એ તેમની રજુઆત મુજબ બે ફૂટ અંદર તારની વાડને અડીને લેવા માટે માણસો મોકલી પ્રયાસ કરેલ પરંતુ તેવું કરવા જતા તે સેકલ પોઈન્ટ હોઈ બાજુમાં મધુકાંતભાઈ વાલાભાઈ કળસરીયાની વાડીમાં ઘાઈ નાખવી પડે તેમ હોઈ તેમનો પાક વાડને અડીને ઉભો હોય અને તેમના દવારા તે પોલ શેઢા પર ફેરવવા માટે તેમની વાડીમાં આવતી બે ઘાય સેટ નાખવા સામે વાંધો લીધેલ હોઈ, તેથી કામગીરી થઈ શકેલ નથી.

૨.૧૩ તા.૦૪.૦૧.૨૦૧૯ ના રોજ ફરી વખત કોન્ટ્રાકટરના માણસો સ્થળ પર પોલ શીફટ કરવા માટે તેમની વાડીમાં ઘાય નાખવા માટે મોકલતા મધુકાંતભાઈ વાલાભાઈ કળસરીયા દવારા વાંધો ઉઠાવેલ અને તેમના દવારા તા.૦૪.૦૧.૨૦૧૯ ના રોજ મહુવા ગ્રામ્ય-૨ વીજકચેરીમાં તેમની માલિકીની જમીનમાં વીજપોલનો તાણીયો ન નાખવા દેવાની વાંધા અરજી પણ રજુ કરે છે, જે આ સાથે સામેલ છે.

૨.૧૪ આમ વાદી દારા જે તે સમયે લાઈન ઉભી કરવાની સંમતિ આપેલ હોય અને લાઈન શેઢા પર જ ઉભી કરેલ હોઈ તથા બાજુના ખેતરવાળા દવારા ઘાય નાખવા માટે વાંધા અરજી આપેલ હોય, અરજદારની ફરીયાદ અસ્થાને છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :-** વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ભાવીનભાઈ ગજુભાઈ આહીર મહુવા તાલુકાના વાઘનગર ગામે સર્વે નં.૧૨૫ પૈકી ૧ થી જમીન ધરાવે છે જેમાં તેઓનું હયાત વીજજોડાણ ગ્રાહક નં.૩૭૬૫૭/૦૬૪૦૯/૯ થી ૭.૫ હો.પા.નું ધરાવે છે.

૩.૨ વાદીનાં બાજુની જમીનમાં જીણાભાઈ રામજીભાઈ એ ખેતીવાડી વીજજોડાણ માંગેલ, જેના માટે પ્રતિવાદી દવારા જરૂરી લાઈન ઉભી કરી, જીણાભાઈ રામજીભાઈને વીજજોડાણ આપવાની કાર્યવાહી કરેલ છે.

૩.૩ વાદી અરજદારની રજુઆત છે કે જીણાભાઈને વીજજોડાણ આપવા માટે પ્રતિવાદી દવારા ઉભી કરેલ લાઈનમાં થાંભલા તેઓના ખેતરના માર્ગ રસ્તા પર ઉભા કરેલ હોઈ, નડતરરૂપ છે અને તેઓનો રસ્તો બંધ થઈ ગયેલ છે.

P.G.V.C.L. Bhavnagar.

૩.૪ પ્રતિવાદીએ સ્થળ પર મુલાકાત લઈ જરૂરી લાઈનનો નકશો દોરી તેમજ ઉભી કરેલ લાઈનનાં ફોટોગ્રાફ ફોરમને રજુ કરેલ છે. વાદી તરફથી પણ સુનાવણી દરમ્યાન ઉભી કરેલ લાઈનનાં થાંભલાના ફોટોગ્રાફસ રજુ કરેલ છે.

૩.૫ પ્રતિવાદીએ રજુ કરેલ સ્થળ અને લાઈનનો નકશો જોતાં જણાય છે કે ઉભી કરેલ લાઈન અને તેમાનાં સવાલવાળા બે પોલ શેઢા પર ઉભા કરવામાં આવેલ છે. તાંત્રિક રીતે આ બે પોલને ફેરવવા શકય નથી કારણકે પોલ પર બે આંચકા (ધાઈ) જરૂરી છે. જો તે પોલને વધુ ફેરવવામાં આવે તો આંચકા રોડ પર અથવા તો બાજુનાં ખેતરમાં મધુકાંતભાઈ વાલાભાઈની જમીન સર્વે નં.૧૨૬/૪ માં આંચકા (ધાઈ) નાંખવી પડે. લાઈન ફેરવવાથી જો બે ધાઈ મધુકાંતભાઈની જમીનમાં આવે તો તેની સામે તેઓએ લેખિત વાંધો પ્રતિવાદીને રજુ કરેલ છે.

૩.૬ પ્રતિવાદી દવારા લાઈનકામ પુર્ણ થઈ ગયેલ છે અને પ્રતિવાદીએ તાંત્રિક રીતે શકય હોઈ તેટલા પોલને શેઢા પાસે ઉભા કરેલ છે માટે વાદીની રજુઆત યોગ્ય જણાતી નથી અને ગ્રાહય રાખવામાં આવતી નથી.

**<u>-:: હુકમ ::-</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :-૦૭.૦૧.૨૦૧૯

P.G.V.C.L. Bhavnagar. Consumer Forum